मन की बात 100
MANN KI BAAT 100

# મન કી બાત

ભાગ ૧



# MANN KI BAAT

VOL.1

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

**Edition I**

ISBN : 978-81-19242-28-3

©Amar Chitra Katha Pvt. Ltd, May 2023
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.



# મન કી બાત

ભાગ ૧



# The Route to your Roots

When they look back at their formative years, many Indians nostalgically recall the vital part Amar Chitra Katha comics have played in their lives. It was **Amar Chitra Katha** that first gave them a glimpse of their glorious heritage.
Since they were introduced in 1967, there are now over **500 Amar Chitra Katha** titles to choose from. **Over 100 million copies** have been sold worldwide.
Now, Amar Chitra Katha titles are even more widely available in **1000+ bookstores all across India**. If you do not have access to a bookstore near you, you can also buy all the titles through our online store, **www.amarchitrakatha.com**. We provide quick delivery anywhere in the world. To make it easy for you to locate the titles of your choice from our treasure trove of titles, the books are now arranged in six categories.

**Epics and Mythology**
Best known stories from the Epics and the Puranas

**Indian Classics**
Enchanting tales from Indian literature

**Fables and Humour**
Evergreen folktales, legends and tales of wisdom and humour

**Bravehearts**
Stirring tales of brave men and women of India

**Visionaries**
Inspiring tales of thinkers, social reformers and nation builders

**Contemporary Classics**
The best of modern Indian literature

**Illustrations and Cover Art:** Dilip Kadam

**Production:** Amar Chitra Katha

AMAR CHITRA KATHA PVT. LTD

© Amar Chitra Katha Pvt. Ltd, April 2023
Facebook: The Amar Chitra Katha Studio | Instagram: @amarchitrakatha | Twitter: @ACKComics | YouTube: Amar Chitra Katha

Get access to Amar Chitra Katha's digital library on the **ACK Comics App**. Visit **digital.amarchitrakatha.com**

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**,
a unique learning platform that brings these stories to your school with a range of workshops.
Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.

3 ઑક્ટોબર, ૨૦૧૪ ના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના લોકો માટે કંઈક ખૂબ જ ખાસ રજૂ કર્યું.

મારા પ્રિય ભારતના નાગરિકો, આજે વિજયાદશમીના તહેવાર નિમિત્તે હું મારા વિચારો તમારી સમક્ષ રજૂ કરવા માંગું છું. વાતચીત કરવાનો આ સિલસિલો મહિનામાં ઓછામાં ઓછો એક કે બે વાર ચાલુ રહે તેનો પ્રયત્ન કરીશ.



ચલો આજે હું તમને એક વાર્તા કહું જે સ્વામી વિવેકાનંદ દ્વારા ઘણીવાર કહેવામાં આવી છે.

એકવાર એક સિંહણ તેના બે બચ્ચા સાથે બહાર નીકળી હતી ત્યારે તેણે ઘેટાંનું ટોળું જોયું. તે ઘેટાંનો શિકાર કરવા આગળ કૂદી પડી. એક બચ્ચું તેની સાથે દોડ્યું જ્યારે બીજું પાછળ રહી ગયું.

પાછળ રહી ગયેલું બચ્ચું બીજા ઘેટાંને મળ્યું. તેણે પોતાના બચ્ચાંઓ સાથે તેની સંભાળ રાખવાનું શરૂ કર્યું. બચ્ચું એવું વિચારીને મોટો થયો કે તે તેમાંનો જ એક છે. તે તેમની જેમ બોલતો, ખાતો, દોડતો અને તેમના જેવું જ વર્તન કરતો.

થોડા વર્ષો પછી, જે બચ્ચું તેની માતા સાથે રહેતું હતું તે હવે મોટું થઈ ગયું હતું તેણે તેના ભાઈને ઘેટાં સાથે રહેતો જોયો. તે પોતાની આંખો પર વિશ્વાસ કરી શક્યો નહીં અને વિચારવા લાગ્યો કે એક સિંહ ઘેટાંની જેમ કેમ વર્તે છે.

"તને શું થયું છે?" તેણે પૂછ્યું. "શા માટે તું તેમની જેમ વાત અને વર્તન કરે છે?"

"હું તેમની સાથે મોટો થયો છું," બીજા સિંહે કહ્યું. "તે લોકોએ મને ઉછેર્યો છે એટલે મારી બધી આદતો, મારી ભાષા અને મારું વર્તન તેમના જેવું છે."



"મારી સાથે આવ અને હું તને બતાવીશ કે તું ખરેખર કોણ છે," પહેલા સિંહે કહ્યું.

તે તેના ભાઈને એક કૂવા પાસે લઈ ગયો અને તેને તેમાં તેનું પ્રતિબિંબ દેખાડ્યું.

"જો, શું તારો ચહેરો મારા જેવો નથી? તું સિંહ છે એક ઘેટું નથી."

સિંહ જે હંમેશા પોતાને ઘેટું માનતો હતો તે અચંબામાં પડી ગયો. તેણે પોતાને સિંહ તરીકે ઓળખ્યો. એક નવી તાકાત અને આત્મવિશ્વાસ સાથે તેણે પોતાનું માથું પાછળ ખેંચ્યું અને એક સાચા સિંહની જેમ ગર્જના કરી.

આ દેશમાં આપણે બધાએ આપણું આત્મસન્માન અને આત્મવિશ્વાસ પાછું મેળવવું પડશે. આપણે આપણી શક્તિઓને ઓળખવી જોઈએ. જો આપણે આમ કરશું તો આપણે આપણા રાષ્ટ્રને પ્રગતિશીલ અને સમૃદ્ધ બનાવશું.


સમય જતા, વડા પ્રધાન સાવ સામાન્ય વ્યક્તિઓની વાર્તા લઈ આવ્યા. જે સામાન્ય નાગરિક હોવા છતાં તેમની આસપાસના દરેક જીવોના જીવનને સરળ બનાવવા માટે એક નાયકની જેમ કામ કરી રહ્યા હતા.
આજે હું તમને કર્ણાટકના દસનાડોડ્ડી ગામના કામેગૌડા વિશે કહીશ. એક માણસ જે ભરવાડ હતો. તેમણે જાતે જ ૧૬ તળાવો બનાવ્યા જેથી લોકો અને પ્રાણીઓ ગરમીના મહિનાઓમાં પણ પાણી મેળવી શકે.
તેઓ સમાજની સુધારણા માટે કામ કરનારા ઘણા જૂથોને લોકોની સમક્ષ લઈ આવ્યા છે.
છેલ્લા આઠ વર્ષમાં બેંગલુરુનું "યુથ ફોર પરિવર્તન" એ શહેરને સ્વચ્છ બનાવીને ૩૫૦થી વધુ વિસ્તારોની કાયાપલટ કરી છે. આજે તેમની પાસે લગભગ ૧૫૦ લોકો છે જે દર રવિવારે તેમની સાથે સ્વયંસેવક તરીકે જોડાય છે અને શહેરને સ્વચ્છ કરે છે. તેમનું સૂત્ર છે 'સ્ટોપ કમ્પ્લેનીંગ, સ્ટાર્ટ એક્ટિંગ' (ફરિયાદ છોડો, જાતે કામ કરો).
વડા પ્રધાને તેમના શ્રોતાઓને સ્વતંત્રતા સેનાનીઓના અપૂર્વ બલિદાન વિશે યાદ અપાવ્યું.
સ્વતંત્રતા સંગ્રામ સાથે સંકળાયેલા ૭૫થી વધુ રેલવે સ્ટેશન છે. તેમાંથી એક ઝારખંડનું ગોમોહ જંકશન છે જ્યાંથી નેતાજી સુભાષ ચંદ્ર બોઝ વેશ બદલીને જર્મની પહોંચી ગયા હતા. બીજું ઉત્તર પ્રદેશનું કાકોરી રેલ્વે સ્ટેશન છે, જ્યાં રામ પ્રસાદ બિસ્મિલ, અશફાકુલ્લા ખાન અને ચંદ્રશેખર આઝાદે બ્રિટિશ રાજકોષમાંથી પૈસા લઈ જતી એક ટ્રેનને લૂંટી લીધી હતી.
काकोरी
KAKORI
એક ખૂબ જ રસપ્રદ એપિસોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવવા બદલ લશ્કરના બે કૂતરાઓની પ્રશંસા કરી છે.
સોફી, સ્પેશિયલ ફ્રન્ટીયર ફોર્સમાં ફરજ નિભાવનાર
વિડા, નર્ધન કમાન્ડના આર્મી ડોગ યુનિટમાં ફરજ નિભાવનાર
સોફીએ એવા રસાયણો સૂંઘીને પકડાવ્યા જેનો ઉપયોગ વિસ્ફોટક ઉપકરણ બનાવવા માટે થયો હોત. વિડાએ પાંચ માઈન અને એક ગ્રેનેડ શોધી કાઢ્યા, આમ તેણે પોતાની ટુકડીને ઈજા થતા બચાવી લીધી. જો તમને કૂતરા પાળવા હોય તો તમે ભારતીય કૂતરાઓને દત્તક લો. તેઓ બુદ્ધિશાળી અને શક્તિશાળી તો હોય જ છે સાથે તેમને જાળવવા પણ ખૂબ સરળ હોય છે. બધા જ ક્ષેત્રોમાં ભારતીય હોવા પર ગર્વ અનુભવો.
બહુ જલદી જ "મન કી બાત" તેનો ૧૦૦મો એપિસોડ પૂર્ણ કરશે. ઘણાં લોકો આ કાર્યક્રમ સાંભળીને તેમાંથી પ્રેરણા મેળવી રહ્યા છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | યોગેશ સૈની | ૬ |
| ૨ | ઈસ્માઈલ ખત્રી | ૧૦ |
| ૩ | રાજુ | ૧૩ |
| ૪ | નગુરંગ મીના | ૧૬ |
| ૫ | પોન મરિયપ્પન | ૧૯ |
| ૬ | કલમાને કામેગૌડા | ૨૧ |
| ૭ | પ્રદીપ સાંગવાન | ૨૪ |
| ૮ | કામ્યા કાર્તિકેયન | ૨૭ |
| ૯ | અન્વી ઝાંઝરુકિયા | ૩૦ |

# યોગેશ સૈની



વર્ગ ખંડ ખૂબ જ ઉત્સાહિત હતો -
ઈકબાલ, નાયર સાહેબે કહ્યું કે હવે પછીનો વર્ગ બહુ જ ખાસ હશે.
હા શ્રેયસ, મને આશા છે કે તે ખરેખર કંઈક મજાનું હશે, જેમ કે દેડકાકૂદ કે ખોખો કે...
પરંતુ ઇકબાલ રમતોના નામ પૂરા બોલે તે પહેલાં -
સુપ્રભાત વિદ્યાર્થીઓ.
સુપ્રભાત સાહેબ!
સાહેબ, આજે આપણે શું કરવાના છીએ?
ચલ શ્રેયસ હું તને એક પ્રશ્ન પૂછું. શું તે “મન કી બાત” વિશે સાંભળ્યું છે?
મેં સાંભળ્યું છે, સાહેબ! આ એક રેડિયો પ્રોગ્રામ છે જેમાં આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આપણી સાથે વાત કરે છે અને ઘણી બધી વાર્તાઓ કહે છે.
બહુ સરસ બિદ્યા. પરંતુ તેઓ કયા પ્રકારની વાર્તા કહે છે?
તેઓ ભારત અને એવા ભારતીયોની વાર્તા કહે છે જેઓ અદ્ભુત કાર્ય કરે છે.
લક્ષ્મી , તે એકદમ ખરું કહ્યું.

# યોગેશ સૈની



એટલે જ, આગામી થોડા અઠવાડિયા માટે, દિવસનો એક વર્ગ “મન કી બાત”માં પ્રસ્તુત થયેલી વાર્તાઓ માટે સમર્પિત કરશું, એવાં લોકોની વાર્તાઓ જેઓ પરિવર્તન લાવી રહ્યા છે. આપણે જે પ્રથમ વ્યક્તિ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ તે આપણા જ શહેરની છે; તેઓનું નામ યોગેશ સૈની છે.
મેં તેમના વિશે સાંભળ્યું છે. તેમના ચિત્રો આપણી શાળાની આગળના ફ્લાયઓવરની નીચે દિવાલ પર લાગેલા છે. હું તે દરરોજ જોઉં છું.
ખરું કહ્યું ગૌરી. તે એક કલાકાર છે જે આપણા શહેરને સાફ અને સુંદર બનાવે છે. ચલો હું તમને તેમની વાર્તા કહું!
લગભગ ૨૦ વર્ષ સુધી યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં રહ્યા બાદ યોગેશ ભારત પરત ફર્યા હતા. એક દિવસ, તે લોધી બાગમાં ફરતા હતા -
આપણી પાસે આવા સુંદર સાર્વજનિક સ્થાનો છે પણ મોટાભાગના સ્થાનોમાં રંગોનો અભાવ છે. કાશ વિશ્વ વધુને વધુ રંગબેરંગી હોત!
એક સેકન્ડ... હું જ કેમ નહીં મારા શહેરમાં રંગ ભરવાનું શરૂ કરું. હું આ કચરાના ડબ્બાથી શરૂઆત કરી શકું છું. જો હું એક નાના કાર્યક્રમનું આયોજન કરું તો અન્ય લોકો પણ મારી સાથે જોડાઈ શકે છે.
આગામી થોડા દિવસોમાં યોગેશને નવી દિલ્હીના મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પરવાનગી મળી અને તેમણે “સ્ટ્રીટ આર્ટ સેટર્ડે”નું આયોજન કર્યું. પરંતુ -
એવું લાગે છે કે આપણે બે જ છીએ, ચલો શરૂઆત કરીએ.


થોડા કલાકો પછી -
આ સુંદર લાગે છે! માનવામાં જ નથી આવતું કે આ પહેલા સામાન્ય કચરાના ડબ્બાઓ હતા.
આપણે ઈચ્છીએ તો કોઈપણ વસ્તુને ચિત્રફલક બનાવી શકીએ છીએ.
શું અમે તમારી સાથે જોડાઈ શકીએ? અમે પણ કલાપ્રેમી છીએ!
આમ બે સ્વયંસેવકો જોડાયા. પછી બેના ચાર, ચારથી આઠ અને પછી સહભાગીઓની સંખ્યા ધીમે ધીમે વધતી ગઈ.
યોગેશે જૂથનું નામ “દિલ્હી સ્ટ્રીટ આર્ટ” રાખ્યું અને તેઓ થોડાં જ સમયમાં શહેરની આસપાસની સાર્વજનિક જગ્યાઓની નાની નાની વસ્તુઓને સજાવવા લાગ્યા. એક દિવસ -
કદાચ આપણે ભીંતચિત્રો પણ દોરવાનું શરૂ કરવું જોઈએ.
વધુ કલાકારો આપણી સાથે કામ કરવા સંમત થયા છે. આપણે રાજેન્દ્ર નગરની ઝૂંપડપટ્ટીથી શરૂઆત કરીએ.
પણ એ જગ્યા બહુ ગંદી છે!
તો પછી પહેલા તેને સાફ કરશું.
બીજા દિવસે -
તમે લોકો શું કરો છો?
ચિંતા નહીં કર દોસ્ત. અમે તમારી દુકાન અને અહીંના ઘરોને સુંદર બનાવવાના છીએ.
થોડા દિવસો પછી -
શું આ જગ્યા હવે સારી નથી લાગતી.
હા, સારી લાગે છે. અમારા ઘરો હવે ઘણા રંગીન દેખાઈ રહ્યા છે.

# યોગેશ સૈની



દરેક ભીંતચિત્ર સાથે, દિલ્હી સ્ટ્રીટ આર્ટ શહેરમાં વધુને વધુ લોકપ્રિય બની ગયું.
હવે મારે ગાંધીજીનું ભીંતચિત્ર બનાવવું છે.
અને એવું જ તેમણે કર્યું. યોગેશના માર્ગદર્શન હેઠળ શહેરે ‘રાષ્ટ્રપિતા’ના કેટલાક નોંધપાત્ર ભીંતચિત્રો જોયા.
એક દિવસ -
મારી પાસે સારા સમાચાર છે. એક ગ્રાહકે આપણને બેંગ્લોરની એક મોટી સ્કૂલને શણગારવા કહ્યું છે.
આ એક અદ્ભુત વાત છે. જ્યારે આપણે ત્યાં હશું, ત્યારે આપણે કેટલીક સાર્વજનિક દિવાલોને પણ સજાવી શકશું.
તે જૂથને વધુ ને વધુ પ્રોજેક્ટ્સ મળવા લાગ્યા અને સમય જતાં તે જૂથ બહુ મોટું બની ગયું. હમણાં વીતેલા વર્ષોમાં, તેમણે લગભગ ૨૦ શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ, જેલો, શેરીઓ, રેલ્વે સ્ટેશનો, શાળાઓ અને અન્ય ઘણી સાર્વજનિક તેમજ ખાનગી જગ્યાઓને સુંદર બનાવી છે.
મને વિશ્વાસ જ નથી થતો કે આપણા નાનકડા જૂથે ઘણા શહેરોમાં બદલાવ લાવ્યો છે.
જો દરેક વ્યક્તિ શહેરમાં યોગદાન આપે તો આખા દેશમાં પરિવર્તન લાવી શકે છે.

# ઈસ્માઈલ ખત્રી




*ગુજરાતમાં ભુજ પાસેનું ગામ
^ગુજરાતમાં ૨૦૦૧નો ભૂકંપ


ઠીક છે, હું આપણા માટે યોગ્ય જગ્યા શોધવાનું શરૂ કરું છું.
તેના સમુદાયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, ઇસ્માઇલને ભુજ નજીક એક સારી જગ્યા મળી. ગામનું નામ પાછળથી અજરખપુર પડ્યું.
આપણી કલા અહીં ખીલશે.
નવી શરૂઆત તેમના વ્યવસાય માટે ફળદાયી હતી...
...પરંતુ થોડા સમયમાં જ નવી સમસ્યાઓ ઊભી થઈ.
આજે તારા પિતા ક્યાં છે?
ઈસ્માઈલભાઈ, અબ્બા ઘરે છે. ગઈ કાલે કામ કર્યા પછી તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી.
રાસાયણિક રંગો કારીગરોમાં એલર્જી અને અસ્થમાનું કારણ બની રહ્યા છે. આપણે તેના બદલે બીજું શું વાપરી શકીએ છીએ?



તેનો જવાબ પ્રકૃતિમાંથી મળી ગયો. ખત્રીઓએ કુદરતી રંગોનો ઉપયોગ અપનાવ્યો.
વાહ! આ લાલ રંગ ખૂબ ખીલેલો દેખાય છે.
તે ઝાડના મૂળમાંથી બને છે, તેથી તે તમને કોઈ હાનિ નહીં પહોંચાડે.
આમ, એક માણસ અને તેના સમુદાયના પ્રયત્નો દ્વારા મૃત્યુ પામતી કલા અજરખ પ્રિન્ટ પુનર્જીવિત થઈ.
આજે, અજરખની ખૂબ માંગ છે અને કારીગરો વિવિધ કાપડ અને આધુનિક શૈલીઓ સાથે પ્રયોગ કરી રહ્યા છે.
કલાના સ્વરૂપને પુનર્જીવિત કરવા અને પ્રોત્સાહિત કરવાના તેમના પ્રયત્નો માટે, ઇસ્માઇલ ખત્રીને ૨૦૦૩માં દે મોન્ટફોર્ટ યુનિવર્સિટી, લેસ્ટર તરફથી માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી.
તેમના કાર્યને રાષ્ટ્રીય ગુણવત્તા પ્રમાણપત્ર અને યુનેસ્કો સીલ ઓવ એકસેલન્સ પણ મળ્યું છે.
ડૉ. ઈસ્માઈલ ખત્રીના પુત્રો અને પૌત્રો તેમના પરિવારમાં અજરખ બ્લોક પ્રિન્ટરની અગિયારમી પેઢી તરીકે તેમનો વારસો જાળવી રાખે છે.

# રાજુ




* પંજાબનું એક શહેર


હતાશ અને નિરાશ થયેલા રાજુને ભીખ માંગવી પડી.
મારા ભાઈઓના પોતાના પરિવાર છે માટે હું તેમના માટે બોજ બની શકતો નથી. પણ હું જિંદગીથી હારીશ નહીં.
સાહેબ, એક રૂપિયો આપો.
લે, આ લે.
રાજુ રોજેરોજ ધંગુ રોડ પર બેસીને ભિખ માંગવા લાગ્યો. થોડાં સમયમાં જ, લોકો તે સારા સ્વભાવના યુવાનને ઓળખવા લાગ્યા અને તેમના ખિસ્સાથી ઉદાર થવા લાગ્યા.
હું દરરોજ ઓછામાં ઓછા ૫૦૦ થી ૭૦૦ રૂપિયા કમાઈ લઉ છું. મારો રોજનો ખર્ચો માત્ર ૨૦૦ રૂપિયા છે. હું બાકીના પૈસા બચાવીને અન્યોને મદદ કરીશ.
આ રીતે રાજુની અન્ય જરૂરિયાતમંદોને મદદ કરવાની સફર શરૂ થઈ.
ભાઈ, મેં સાંભળ્યું છે કે તમે અમારા જેવા ગરીબ માતા-પિતાને તેમની દીકરીઓના લગ્ન કરાવવામાં મદદ કરો છો. શું અમને પણ તમે મદદ કરશો?
મને તમારી જરૂરિયાતો જણાવો અને હું તમારી પુત્રીને તેના લગ્ન જીવનની સારી શરૂઆત કરવા માટે મારાથી બનશે તે કરીશ.
રાજુએ તે પરિવારને ૧૧૦૦ રૂપિયા, ૫૦ કિલો ચોખા અને એક સીલિંગ ફેન આપ્યો.


રાજુએ માત્ર લગ્ન કરાવવામાં જ મદદ નથી કરી પણ કોવિડના સમયે ૨૫૦૦ માસ્કનું વિતરણ પણ કર્યું હતું -
તમે માસ્ક વગર જશો નહીં. અહીં મારી પાસેથી લો. તમારે બીમાર નથી થવાનું.
આભાર, રાજુ!


જ્યારે ધંગુ રોડ પરના પુલને નુકસાન પહોંચ્યું ત્યારે રાજુએ તેનું સમારકામ કરાવ્યું.
પુલના સમારકામમાં રાજુએ તેમની બચતમાંથી ૩૦૦૦૦ રૂપિયા આપ્યા તે મદદ માટે આપણે તેમના આભારી છીએ.


વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના રેડિયો કાર્યક્રમમાં રાજુ વિશે વાત કર્યા પછી, રાજુ પાસે મુલાકાતીઓનો ધસારો વધ્યો.
તું અમારા માટે પ્રેરણારૂપ છે, રાજુ.
અમને આવો ટેકો આપવા બદલ અમે હંમેશા તારા આભારી રહેશું.


આપણે બધા જ સારા કાર્યો કરી શકીએ છીએ. મોટા કાર્યો કરવા માટે થોડો પ્રયત્ન અને થોડીક કરુણાની જરૂર હોય છે.

# નગુરંગ મીના




*બિન-સરકારી સંસ્થા (નોન ગવર્મેન્ટલ ઓર્ગેનાઈઝેશન)

# નગુરંગ મીના




*મિઝોરમની રાજધાની, ભારતનું સૌથી વધુ સાક્ષર શહેર


મીના, જો કોઈ વ્યક્તિ લીધેલા પુસ્તકો પરત ન કરે તો?
ઠીક છે. આખરે, તેનો ફાયદો તેઓને જ થવાનો છે. શું એ માટે જ આપણે આ પહેલ નથી કરી?
કેટલો ઉત્તમ વિચાર છે!
મીના અને દેવાંગની આ પહેલને ઘણા સ્થાનિકોની શુભેચ્છાઓ મળી.
મીના, આ મારા બાળકોના જૂના પુસ્તકો છે. હું તે તમારા પુસ્તકાલયમાં દાન કરવા માંગુ છું.
આભાર, સાહેબ!
તેમને પુસ્તકાલય માટે વધુ પુસ્તકો ખરીદવા માટે પૈસા પણ મળ્યા.
મીનાનું માનવું છે કે વાંચન સંસ્કૃતિ લોકોમાં સાક્ષરતાને અને વિદ્યાર્થીઓને વધુ સારું કરવા માટે પ્રોત્સાહિત કરશે.
મારા પ્રિય અરુણાચલવાસીઓ, કૃપા કરી આ વિશે વિચારો. માત્ર સરકારે જ કંઈક કરવું જોઈએ એવું નથી. આપણે એક વ્યક્તિ તરીકે, આપણા રાજ્યના નાગરિક તરીકે, જાણવું જોઈએ કે આપણે શા માટે પાછળ રહી જઈએ છીએ. તેથી આરોપણની રમત બંધ કરો અને કંઈક કરવાનું શરૂ કરો.
0:35/4:13
મીનાને રાજ્યભરમાં વધુ પુસ્તકાલયો બનાવવાની આશા છે અને તેની આ પહેલ સમગ્ર દેશમાં ઘણા લોકો માટે પ્રેરણારૂપ રહી છે.

# પોન મરિયપ્પન


સુજીત, તારા નવા હેરકટ ખૂબ જ સરસ લાગી રહ્યા છે!
હાહા! આ લેટેસ્ટ સ્ટાઈલ છે સાહેબ.
સુજિત ફિલ્મસ્ટાર જેવો દેખાવાનો પ્રયત્ન કરી રહ્યો છે, સાહેબ!


જો તમે હજામ પોન મરિયપ્પનની દુકાને ગયા હોત, તો તેમણે તને સારા વાળ કાપી આપ્યા હોત અને સાથે ઘણા પુસ્તકો પણ આપ્યા હોત. વડાપ્રધાને તેમના રેડિયો કાર્યક્રમમાં તેમની વાર્તા કહ્યા બાદ તેઓ પ્રસિદ્ધ થયા છે.


પોન મરિયપ્પન તમિલનાડુના તૂતુકુડી શહેરના છે. જ્યારે તે ધોરણ ૮માં હતા -
દીકરા, હું ઈચ્છું છું કે તારે પરિવાર માટે કમાવવાનું શરૂ કરવું જોઈએ. હું જે પણ કમાવું છું તેનાથી આપણું ગુજરાન ચાલતું નથી.
હું કમાઈશ પિતાજી. તમે ચિંતા કરશો નહીં.
મને મારા પુસ્તકો ગમે છે અને મારે અભ્યાસ કરવો છે પણ મારે અપ્પાને મદદ પણ કરવાની જરૂરત છે.


પોન મરિયપ્પને હેરડ્રેસિંગ સલૂન શરૂ કર્યું અને તેમાં તે સારી કમાણી કરવા લાગ્યો.
મને લાગે છે કે મારા જીવનમાં કંઈક વસ્તુનો અભાવ છે. મારું સલૂન વાળ કાપવાની જગ્યા કરતા પણ કંઈક વિશેષ હોવું જોઈએ.




*તિરુવલ્લુવર દ્વારા રચિત તમિલ ભાષાનું પ્રાચીન પુસ્તક

# કલમાને કામેગૌડા


શાળામાં રિસેસનો સમય હતો -
શું કરે છે લક્ષ્મી?
આ પાણી ચકલીઓ માટે છે. ખૂબ જ ગરમી છે અને તેઓ તરસી હશે.


પારુલે મદદ કરવાનું નક્કી કર્યું અને થોડાં સમયમાં જ વિદ્યાર્થીઓના એક નાના જૂથે ઠેકઠેકાણે પાણી ભરેલા વાટકા રાખ્યા.
શું ચાલી રહ્યું છે અહીંયાં?
અમે પક્ષીઓ અને પ્રાણીઓ માટે પાણી રાખી રહ્યાં છીએ સાહેબ.


આ ગરમીમાં તેઓ ખરેખર તરસ્યા હશે. એટલે, મેં વિચાર્યું કે અમે મદદ કરી શકીએ છીએ. અમે તેમના માટે બીજું કંઈતો કરી શકતા નથી!
લક્ષ્મીનો આ સરસ પ્રયત્ન છે. પરંતુ જો લોકો ઈચ્છે તો તેઓ અન્ય પ્રજાતિઓના કલ્યાણ માટે ઘણું બધું કરી શકે છે. અંદર આવીને બેસો. ચાલો હું તમને કામેગૌડાની વાર્તા કહું, જેમની “મન કી બાત”માં આપણા વડાપ્રધાન દ્વારા પણ પ્રશંસા કરવામાં આવી હતી.


કલમાને કામેગૌડા એક ભરવાડ હતા જે કર્ણાટકના માંડ્યા જિલ્લાના દસનાડોડ્ડી ગામમાં રહેતા હતા.
હૂરર... હૂરર... જલ્દી આવ, શાંતા! હંમેશની જેમ તું પાછળ જ છે.


તેઓ તેમનો મોટાભાગનો દિવસ નજીકની ટેકરી કુંદુરુ બેટ્ટાની આસપાસ ઘેટાં ચરાવવામાં પસાર કરતા. એક દિવસ -
ખૂબ જ ગરમી છે અને આ ટેકરી પર પાણીનું એક ટીપું નથી.
બસ પછી -
તું ખૂબ જ થાકેલું લાગે છે. શું તું પણ મારી જેમ તરસ્યું છે? હું તો મારા ઘેટાંબકરાં સાથે મારા ગામે પાછો જઈને પાણી પી લઈશ. પણ તમે બિચારા પ્રાણીઓ શું કરશો?
આ વિચાર કામેગૌડા સાથે દિવસો સુધી રહ્યો -
પ્રાણીઓ અને પક્ષીઓ માટે હું અહીંયા એક મોટો ખાડો ખોદીને પાણી ભરીશ.
પરંતુ તેણે ગમે તેટલા ખાડાઓ ખોદીને પાણીથી ભર્યા હોય તો પણ થોડા કલાકોમાં જ પાણી કાં તો બાષ્પીભવન થઈ જતું કાં તો પાણીને જમીન શોષી લેતી.
ખૂબ વિચાર-વિમર્શ કર્યા પછી -
મને માફ કરજે, કમલા. મારે તને અને તારી બહેનોને તળાવ ખોદવાનાં સાધનો ખરીદવા માટે વેચવી પડશે. આ જ એકમાત્ર રસ્તો છે જેનાથી હું તને અને અન્ય પ્રાણીઓને મદદ કરી શકું છું.
થોડાં સમયમાં, તેણે પૂરતી ભેજવાળી જમીનની જગ્યા પસંદ કરી અને ખોદવાનું શરૂ કર્યું. પરંતુ -
૧૫ દિવસ થઈ ગયા છે અને હું હજી વધુ ઊંડાઈ સુધી પહોંચી શક્યો નથી. મારે વધુ ઘેટાં વેચવા પડશે અને જેસીબી (jcb) ભાડે લેવો પડશે. તે જ એકમાત્ર માર્ગ છે.

# કલમાને કામેગૌડા



બહુ મહેનત કર્યાના મહિનાઓ પછી -
હવે મારે માત્ર ચોમાસાની રાહ જોવાની છે. જો વરસાદના દેવો આપણને આશીર્વાદ આપે તો આ તળાવ પાણીથી ભરેલું રહેશે.
અને થોડાં સમયમાં જ -
હું મારી આંખો પર વિશ્વાસ કરી શકતો નથી. વ્હાલા પ્રાણીઓ હવે તમે પાણી પી શકો છો. આ બધું તમારું જ છે!
ઢોર, ઘેટા- બકરાં અને જંગલી પ્રાણીઓ પણ તળાવનું પાણી પીવા લાગ્યા.
આ તો માત્ર શરૂઆત હતી. આગામી ૪૦ વર્ષોમાં કામેગૌડાએ ૧૬ તળાવો બનાવવા માટે રૂ.૧૫ લાખથી વધુનો ખર્ચ કર્યો, જેના કારણે તેઓ કર્ણાટકના "પોન્ડ મેન" તરીકે લોકપ્રિય થયા. એક દિવસ -
હું એક પત્રકાર છું અને મારે તમારી વાર્તા જાણવી છે. મને કહો કે આ તળાવોમાં શું ખાસ છે?
ટેકરી પરથી પાણી નીચે વહેતું આવે છે અને તે તળાવો ભરે છે. જો એક તળાવ ભરાય જાય, તો પાણી બીજા તળાવમાં જાય છે. તળાવો બધા એકબીજા સાથે જોડાયેલા છે અને તેથી જ તે ઉનાળામાં પણ ક્યારેય સુકાતા નથી.
તળાવો બનાવવાની સાથે, કામેગૌડાએ હજારો વૃક્ષો અને એક વડનું ઝાડ પણ રોપ્યું, જેનાથી ટેકરીનું સંપૂર્ણ પરિવર્તન થઈ ગયું છે.
તેમના અથાગ પ્રયાસો માટે, કામેગૌડાને બસવશ્રી એવોર્ડ અને કર્ણાટક રાજ્યોત્સવ એવોર્ડ સહિત ઘણા પુરસ્કારો પ્રાપ્ત થયા.
હું એવોર્ડની રકમ વધુ તળાવો અને વૃક્ષો માટે વાપરી શકું છું.
કામેગૌડા ઓક્ટોબર ૨૦૨૨માં ૮૪ વર્ષની વયે મૃત્યુ પામ્યા ત્યાં સુધી તેમણે તળાવો પર કામ કરવાનું ચાલુ રાખ્યું. માંડ્યાના એક નાનકડા ગામના આ વ્યક્તિની વાર્તા સમગ્ર દેશમાં પર્યાવરણવાદીઓ માટે પ્રેરણારૂપ બની છે.




* હિમાચલ પ્રદેશમાં એક પ્રખ્યાત તળાવ

^ એક ભરવાડ જેવી આદિજાતિ, જે મુખ્યત્વે હિમાચલ પ્રદેશ કે તેની આસપાસ રહે છે













*મનાલીનો એક પ્રખ્યાત ધોધ


અમુક દિવસો નિરાશાજનક હતા...
હિમાલયને સાફ કરવામાં પૂરી જિંદગી નીકળી જશે.
...પરંતુ પ્રદીપ અને તેની ટીમે હાર માની નહીં.
જ્યારે આપણે મળીને કામ કરીએ છીએ, ત્યારે મને આશાનું કિરણ દેખાય છે.
પ્રદીપ, હું બીજી થેલી લઉં છું.
સ્થાનિક લોકોના સમર્થનથી તેઓએ હિમાલય પ્રદેશના ગામડાઓમાં કચરા વ્યવસ્થાપન કેન્દ્રો (વેસ્ટ મનેજમેન્ટ સેંટર) સ્થાપ્યા.
આ માત્ર કચરાના નિકાલ માટેના યોગ્ય સ્થાનો જ નહીં હોય પરંતુ સ્થાનિક લોકોને રોજગાર પણ આપશે.
પ્રદીપ આવા વધુ કેન્દ્રો સ્થાપવાની યોજના ધરાવે છે.
"હીલિંગ હિમાલ્યાસ"એ આજ સુધીમાં હજારો વૃક્ષો વાવ્યા છે અને લગભગ ૮,૦૦,૦૦૦ કિલો જૈવ અવિઘટનીય કચરો (નોન-બાયોડિગ્રેડેબલ) સાફ કર્યો છે.
જ્યારથી મેં આ સફર શરૂ કર્યો છે ત્યારથી મેં પાછું વળીને જોયું નથી. હજી ઘણું કરવાનું છે આ તો માત્ર થોડી ઝલક જ છે!

# કામ્યા કાર્તિકેયન




*મુંબઈ નજીક, મહારાષ્ટ્ર


પહાડોમાં એવું તો શું છે જે અપ્પાને આપણાથી દૂર રાખે છે?
ચલ, આપણે જ શોધી કાઢીએ?
કામ્યાની માતાએ વિચાર્યું કે તેમની નાનકડી છોકરીએ પર્વતારોહણનો અનુભવ જાતે જ કરવો જોઈએ.
થોડાં સમયમાં -
શું આ અદ્‌ભુત નથી?
હા મને લાગે છે કે હું સાતવા આસ્માન પર છું!
સાત વર્ષની ઉંમરમાં તેણે ઉત્તરાખંડની ચંદ્રશિલા શિખર પર ચઢાઈ કરી.
બે વર્ષ પછી, કામ્યાએ લદ્દાખની માઉન્ટ સ્ટોક કાંગરી પર ચઢાઈ કરી.
મારી પહેલી ૬૦૦૦ મીટરની ચઢાણ!
હુર્રે!
ત્યાર બાદ તેણે પોતાની માટે એક લક્ષ્ય નક્કી કર્યું -
હું સાતેય ખંડોના સૌથી ઊંચા શિખરો પર ચઢાણ તેમ જ ઉત્તર અને દક્ષિણ ધ્રુવો પર સ્કી કરવા માંગુ છું.
“મિશન સાહસ”, જે નામ કામ્યાએ આપ્યું, તે એક્સપ્લોરર્સ ગ્રાન્ડ સ્લેમ તરીકે પ્રખ્યાત છે.


૨૦૨૨ સુધીમાં, કામ્યાએ સાતમાંથી પાંચ શિખરો સર કર્યા.
TANZANIA
આફ્રિકાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ કિલિમાંજારો
યુરોપનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એલ્બ્રસ
ઑસ્ટ્રેલિયાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ કોસિયુસ્કો
દક્ષિણ અમેરિકાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એકોન્કાગુઆ
ઉત્તર અમેરિકાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ દેનાલી
તે માઉન્ટ એકોન્કાગુઆ પર વિજય મેળવનારી અને માઉન્ટ એલ્બ્રસના શિખર પરથી સ્કી કરનાર સૌથી યુવા વ્યક્તિ છે.
તેની અદમ્ય ઈચ્છાશક્તિ અને પર્વતારોહણમાં અસંખ્ય સિદ્ધિઓ માટે ભારત સરકારે તેને પ્રધાન મંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કારથી સન્માનિત કરી છે.
(NIC)
BARAMULLA
પર્વતો પ્રત્યેના પરસ્પર પ્રેમને કારણે એક પારિવારિક સાહસ તરીકે જે શરૂ થયું તે ઈતિહાસ રચવા તરફ દોરી ગયું તેથી જ કામ્યાએ વધુ રેકોર્ડ તોડવાનું અને સૌથી વધુ શિખરો જીતવાનું ચાલુ રાખ્યું.

# અન્વી ઝાંઝરુકિયા




*ડાઉન્સ સિન્ડ્રોમ એક આનુવંશિક વિકાર છે જે વિકાસ અને બૌદ્ધિક વિલંબનું કારણ બને છે.

^જન્મજાત હૃદયની ખામી એ હૃદયની રચના સાથેની સમસ્યાઓ છે જે જન્મથી જ હોય છે


જેમ જેમ અન્વી મોટી થઈ તેમ તેમ તેને તેની ઉંમરના અન્ય બાળકો જે સરળતાથી કરી શકતા હતા તેવી સરળ વસ્તુઓ કરવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો.
અન્વી, મારી સાથે વાત કર. તું ક્યારે બોલીશ?
જ્યારે અન્વી ૧૦ વર્ષની હતી, ત્યારે તેના માતાપિતાએ કંઈક અસાધારણ જોયું.
તમે જોયું કે?
વાહ! અદ્ભુત!
જુઓ તે કેટલી લવચીક છે! કદાચ તે યોગ શીખી શકે છે.
આ એક સરસ વિચાર છે! તે તેના સ્વાસ્થ્યને પણ સુધારી શકે છે.
અવનીની વિનંતીથી અન્વીની શાળામાં યોગ શિક્ષક નમ્રતાએ તેને તાલીમ આપવાનું શરૂ કર્યું.
ધીમે ધીમે ઝૂકીને તમારા અંગૂઠા પકડવાનો પ્રયાસ કરો. ઘૂંટણને વાળીશ નહીં.


થોડા અઠવાડિયા પછી -
કેવું ચાલી રહ્યું છે?
અમુક આસનો તેના માટે મુશ્કેલ લાગે છે. પરંતુ તે સતત કોશિશ કરતી રહે છે.
અન્વી દરરોજ સવારે એક કલાક અને સાંજે એક કલાક યોગાસન કરતી હતી. એક દિવસ -
મા...
અન્વીએ યોગ સ્પર્ધામાં પ્રથમ ઇનામ મેળવ્યું છે.
હું મારી આંખો પર વિશ્વાસ કરી શકતી નથી! હું ખૂબ ખુશ છું!
આગામી ત્રણ વર્ષમાં, અન્વીએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ત્રણ ગોલ્ડ અને બે બ્રોન્ઝ મેડલ સહિત ૫૧ મેડલ જીત્યા. ડિસેમ્બર ૨૦૨૧માં -
વિકલાંગતા સાથે શ્રેષ્ઠ સર્જનાત્મક બાળક માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર અન્વી ઝાંઝારુકિયાને આપવામાં આવી રહ્યો છે.
જાન્યુઆરી ૨૦૨૨માં, અન્વીને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પરંતુ તેનું સ્વપ્નું થોડા મહિનાઓ પછી સાકાર થયું, જ્યારે અન્વીને વડાપ્રધાનને મળવા માટે તેમના કાર્યાલયથી આમંત્રણ આપતો ફોન આવ્યો.
તમે ભારતને ગૌરવ અપાવ્યું છે. તમારી આગળ એક ઉજ્જવળ ભવિષ્ય છે!
આભાર!
તેની ઈચ્છા હવે વડાપ્રધાન સાથે યોગાસન કરવાની છે.



# મન કી બાત

## ભાગ ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩ ઑક્ટોબર, ૨૦૧૪ના રોજ તેમનો માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' શરૂ કર્યો, ત્યારે તેઓ એક એવો સેતુ ઈચ્છતા હતા જેનાથી તેઓ લોકો સાથે સીધું જોડાણ કરી શકે અને તેમના મનની વાતો લોકો સમક્ષ પ્રસ્તુત કરી શકે.

એપ્રિલ ૨૦૨૩માં, તેમણે આ કાર્યક્રમના ૧૦૦ એપિસોડ પૂર્ણ કર્યા. આ કાર્યક્રમ દ્વારા તેઓ ભારતના સામાન્ય નાગરિકોએ ભારત માટે કરેલાં કેટલાક પ્રેરણાદાયી કાર્યોને લોકો સમક્ષ લઈ આવ્યા. તેમણે વ્યક્તિઓ તથા સંસ્થાઓની અપૂર્વ સિદ્ધિઓ વિશે પણ વાત કરી. વડાપ્રધાને એવા લોકોની વાત કરી જેમણે વિકલાંગતા, ગરીબી અને નિરાશાને મહાત આપીને ઊંચાઈઓ સર કરી હોય. તેમજ એવા લોકો વિશે પણ વાત કરી છે જેમણે પોતાના જુસ્સા અને દૃઢતાથી અન્ય લોકોને એકજૂથ કરીને અશક્ય લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કર્યા હોય.

અમર ચિત્ર કથા સંસ્કૃતિ મંત્રાલય સાથે મળીને ‘મન કી બાત’માંથી પસંદ કરેલી વાર્તાઓ પર આધારિત ચિત્રકથાના ૧૨ ભાગોમાંથી પહેલો ભાગ પ્રસ્તુત કરે છે.



₹90

ISBN 978-81-19242-28-3